For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

### ન્યૂ એરા સ્કૂલની દાદાગીરી કે પાલિકાની કૂણી લાગણી?

# કરંટથી રમતવીર બાળકના મોત બાદ પાલિકાની સામાન્ય સભામાં વિપક્ષનો પ્રચંડ હોબાળો

**૧૯૭૮ના** કરાર આધારિત જમીનનો કોન્ટ્રાક્ટ રિન્યૂ કર્યા વગર ચાલતી શાળા પર કોના ઈશારે તંત્ર મહેરબાન? સભામાં કમિશનર ઘેરાયા

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા મહાનગરપાલિકાની ગુરુવારે મળેલી સામાન્ય સભા વંદે માતરમ્‌ના ગાન સાથે શરૂ થઈ હતી, પરંતુ શરૂઆતથી જ વિપક્ષી કાઉન્સિલરોએ ફતેગંજની ન્યૂ એરા સ્કૂલમાં વીજ કરંટ લાગવાથી 15 વર્ષીય દેવ પ્રશાંતભાઈ શાહના મોતના મુદ્દે ઉગ્ર હોબાળો મચાવ્યો હતો. કોંગ્રેસના કાઉન્સિલર પુષ્પાબેન વાઘેલાએ પાલિકા તંત્રની બેદરકારીનો આક્ષેપ કરી મૃતકના પરિવારને ન્યાય અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી હતી.

તેમણે આક્ષેપ કર્યો હતો કે પાલિકાની કિંમતી જમીન અન્ય સંસ્થા કે ટ્રસ્ટને ફાળવવામાં આવી હોવા છતાં ત્યાં અન્ય સ્કૂલ ચલાવવામાં આવી રહી છે. વર્ષ 1978થી થયેલા કરારની મુદત પૂર્ણ થયા બાદ છેલ્લા 10 વર્ષથી રિન્યૂ કરવામાં આવ્યો નથી. તેમ છતાં પાલિકાની જમીન પર કોઈ ભાડું લીધા વિના સ્કૂલ ચાલતી હોવાનો દાવો કરાયો હતો. વિપક્ષે એવો પણ આક્ષેપ કર્યો હતો કે એક તરફ પાલિકા માત્ર એક રૂપિયાના ટોકન દરે જમીન આપે છે, જ્યારે બીજી તરફ સંસ્થાઓ વિદ્યાર્થી દીઠ મોટી ફી વસૂલે છે.

સભામાં હરણી બોટકાંડનો મુદ્દો પણ ઉઠાવવામાં આવ્યો હતો. વિપક્ષે સવાલ કર્યો હતો કે અગાઉની દુર્ઘટનાના પીડિતોને હજુ ન્યાય મળ્યો નથી ત્યારે દેવ શાહને ક્યારે ન્યાય મળશે? પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ વર્ષોથી અધૂરા રહેલા આવાસોનો મુદ્દો ઉઠાવી ઝૂંપડપટ્ટી તોડી રસ્તા પર આવેલા લોકોને મકાન ક્યારે મળશે તેવો સવાલ પણ કરાયો હતો.

મ્યુનિસિપલ કમિશનરે સ્પષ્ટતા કરતાં જણાવ્યું હતું કે તેમને પદ સંભાળ્યાને 10 વર્ષ થયા નથી અને ભૂતકાળની બાબતોની સંપૂર્ણ જાણકારી નથી. જોકે સંબંધિત મુદ્દે અલગ બેઠક યોજી ચર્ચા કરી પ્રજાના પ્રશ્નોનું નિરાકરણ લાવવા અને ન્યાય મળે તે દિશામાં કામગીરી કરવાની ખાતરી આપી હતી.

ફતેગંજની ન્યૂ એરા સ્કૂલમાં બે દિવસ અગાઉ દેવ શાહ અન્ય વિદ્યાર્થીઓ સાથે ફૂટબોલ રમી રહ્યો હતો. બોલ ફ્લડલાઈટના થાંભલા પાસે આવેલા શેડ પર જતા તે બોલ લેવા થાંભલા પર ચડ્યો હતો. નીચે ઉતરતી વખતે વીજ કરંટ લાગતાં તે ગંભીર રીતે ઘાયલ થયો હતો. સયાજી હોસ્પિટલમાં સારવાર દરમિયાન તેનું મોત થયું હતું.

દેવ રમતગમત ક્ષેત્રે પ્રતિભાશાળી હતો અને નેશનલ ટુર્નામેન્ટની તૈયારી કરી રહ્યો હતો. બેડમિન્ટન અને ફૂટબોલમાં તે 50થી વધુ મેડલ જીતી ચૂક્યો હતો. ઘટનાના પગલે MGVCLએ સ્થળનું વીજ કનેક્શન કાપી નાખ્યું છે. પોલીસ વીજ કંપનીના રિપોર્ટની રાહ જોઈ રહી છે તેમજ આચાર્ય, કોચ અને વિદ્યાર્થીઓના નિવેદનો લઈ રહી છે. સ્કૂલ તરફથી પણ ઘટનાનું ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલી રહી હોવાનું જણાવાયું છે.



## પાણી પ્રશ્ને તીર્થ બ્રહ્મભટ્ટ સામાન્ય સભામાં મિનરલ બોટલ લઈને પહોંચતા ભારે હંગામો

**‘વિડીયો** વાયરલ કરી નેતાગીરી ચમકાવવાનું બંધ કરો’, ડેપ્યુટી મેયરની કડક ટકોર

(પ્રતિનિધિ) વડોદરા તા.8

શહેરના નાગરિકોને દૂષિત અને દુર્ગંધવાળું પાણી મળતું હોવાના મુદ્દે વિપક્ષના કાઉન્સિલર તીર્થ બ્રહ્મભટ્ટ ફરી એકવાર સામાન્ય સભામાં મિનરલ વોટરની બોટલ લઈને આવી પહોંચતા પાલિકાની ગૃહ સભામાં ભારે રોષ અને હોબાળો મચ્યો હતો. તેમણે આક્ષેપ કર્યો હતો કે, સામાન્ય સભા તેમજ સ્ટેન્ડિંગ કમિટીની બેઠકો દરમિયાન પાલિકાના પદાધિકારીઓ અને અધિકારીઓ મિનરલ વોટરની બોટલો પીવે છે, જ્યારે પ્રજા દૂષિત પાણી પીવા મજબૂર છે. તીર્થ રમત હાથમાં મિનરલ વોટરની બોટલ લઈને સભામાં આવતા જ ભાજપના કાઉન્સિલરો ભારે અકળાયા હતા અને તેમણે ‘દર વખતે એક જ મુદ્દો લઈને સભામાં કારણ વગરનો વિવાદ કરવાનું ટાળો’ તેમ કહીને તીખા પ્રહારો કર્યા હતા. આ દરમિયાન મંચ પરથી ડેપ્યુટી મેયરે પણ સ્પષ્ટ અને આકરા શબ્દોમાં ટકોર કરતા જણાવ્યું હતું કે, “એકના એક મુદ્દાને વારંવાર સભામાં ઉછાળીને પોતાના વિડીયો વાયરલ કરાવવા અને પોતે મહાન નેતા હોય તેવું પુરવાર કરવાનો આ સ્ટંટ બંધ કરો.” ડેપ્યુટી મેયરની આ કડક ટકોર બાદ સભામાં શાસક અને વિપક્ષ વચ્ચે શાબ્દિક ચાબુકો ચાલતા વાતાવરણ અત્યંત ગરમ થઈ ગયું હતું.

### કરંટથી મોતને લઈ ન્યુએરા સ્કૂલ મેનેજમેન્ટ સામે કાર્યવાહીની માગ

વડોદરાના નિઝામપુરા વિસ્તારમાં ન્યૂ ઈરા હાઈસ્કૂલના રમતના મેદાનમાં ફૂટબોલ રમતી વખતે વીજ કરંટ લાગવાથી ધોરણ-11ના વિદ્યાર્થી દેવ શાહનું કરુણ મોત થયું હતું. આ મામલે વડોદરા પેરેન્ટ્સ એસોસિએશને મુખ્યમંત્રી, શિક્ષણમંત્રી, એનસીપીસીઆર અને વડોદરા સાંસદને ઈ-મેઇલ દ્વારા રજૂઆત કરી છે. એસોસિએશને ઘટનાને માત્ર અકસ્માત નહીં, પરંતુ શાળા સંચાલકો અને સત્તાધિકારીઓની બેદરકારી ગણાવી તટસ્થ તપાસ અને જવાબદારો સામે કડક કાર્યવાહીની માંગ કરી છે. સમગ્ર ગુજરાતની શાળાઓમાં ફરજિયાત વિદ્યુત સલામતી ઓડિટ, અસુરક્ષિત વીજ સ્થાપનોની સ્વતંત્ર તપાસ અને જવાબદારી નક્કી કરવાની માગ કરાઈ છે. ઉપરાંત શોકગ્રસ્ત પરિવારને યોગ્ય આર્થિક વળતર આપવા તેમજ ભવિષ્યમાં આવી ઘટના ન બને તે માટે કડક માર્ગદર્શિકા જાહેર કરવાની પણ રજૂઆત કરાઈ છે.

# રાયપુરામાં ડિગ્રી વગર પ્રેક્ટિસ કરતો બોગસ ડોક્ટર ઝડપાયો

**SOGના** દરોડામાં રૂ.૮૭ હજારનો મેડિકલ મુદ્દામાલ કબજે; એલોપેથી દવાઓ, ઈન્જેક્શન સહિતનો સામાન મળ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા ગ્રામ્ય જિલ્લામાં જરૂરી ડિગ્રી કે લાઈસન્સ વગર તબીબી પ્રેક્ટિસ કરતા બોગસ ડોક્ટરો સામે પોલીસે કાર્યવાહી તેજ કરી છે. ઓપરેશન પરાક્રમ અંતર્ગત વડોદરા તાલુકાના રાયપુરા ગામમાં ડિગ્રી વગર એલોપેથી દવાઓથી દર્દીઓની સારવાર કરતા એક શખ્સને વડોદરા ગ્રામ્ય SOGની ટીમે ઝડપી પાડ્યો હતો. પોલીસે આરોપીના કબજામાંથી એલોપેથી દવાઓ, ઈન્જેક્શન, બોટલો, બીપી માપવાનું સાધન, સ્ટેથોસ્કોપ સહિત રૂ.87 હજારનો મેડિકલ મુદ્દામાલ કબજે કર્યો હતો.

વડોદરા ગ્રામ્ય પોલીસ મહાનિરીક્ષક સંદિપસિંહની સૂચના અને પોલીસ અધિક્ષક સુશિલ અગ્રવાલના માર્ગદર્શન હેઠળ ઓપરેશન પરાક્રમ હાથ ધરાયું છે. ડિગ્રી કે જરૂરી લાઈસન્સ વગર ગેરકાયદેસર રીતે તબીબી પ્રેક્ટિસ કરતા લોકો સામે કાર્યવાહી કરવા SOGની ટીમોને પેટ્રોલિંગ માટે તહેનાત કરવામાં આવી હતી.

દરમિયાન બાતમી મળી હતી કે રાયપુરા ગામમાં અસીમ બીમલ સંખારી નામનો શખ્સ કોઈપણ માન્ય તબીબી ડિગ્રી કે લાઈસન્સ વગર દર્દીઓની સારવાર કરી રહ્યો છે. બાતમીના આધારે SOGની ટીમે રાયપુરા PSCના જવાબદાર અધિકારીને સાથે રાખી સ્થળ પર દરોડો પાડ્યો હતો.

દરોડા દરમિયાન અસીમ બીમલ સંખારી પાસે ડોક્ટરની માન્ય ડિગ્રી ન હોવા છતાં તે તબીબ તરીકે પ્રેક્ટિસ કરતો હોવાનું સામે આવ્યું હતું. સ્થળ પરથી એલોપેથી દવાઓ, ઈન્જેક્શન, બોટલો, બીપી માપવાનું સાધન, સ્ટેથોસ્કોપ સહિત તબીબી પ્રેક્ટિસમાં ઉપયોગમાં લેવાતો સામાન મળી આવ્યો હતો.

પોલીસે 48 વર્ષીય અસીમ બીમલ સંખારી, રહે. રાયપુરા શામળ ફળિયું, શિવમ મહેશ્વરીના મકાનમાં ભાડેથી, મૂળ બોઈકોલા, થાણા બાગદા, જિલ્લા નોર્થ 24 પરગણા, પશ્ચિમ બંગાળ, સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જરૂરી ડિગ્રી અને લાઈસન્સ વગર સારવાર આપતા આવા બોગસ તબીબો દર્દીઓના જીવન અને શારીરિક સલામતીને જોખમમાં મૂકી રહ્યા છે. આવા તબીબો સામે આગામી દિવસોમાં પણ પોલીસ કાર્યવાહી ચાલુ રાખવામાં આવશે.

### હરણી પોલીસે સમા વિસ્તારમાં આવેલા ઘરમાથી બંનેને દબોચ્યા

# સસ્તા ઘર-ફ્લેટની લાલચ આપી કરોડોની ઠગાઈ, પાનસુરીયા બંધુઓ પોલીસ સકંજામાં

**અધૂરા** પ્રોજેક્ટ બાદ રોકાણકારોના કરોડો રૂપિયા અટવાયા; સુરેશ-મનીષ પાનસુરીયાની સમાના ઘરેથી ધરપકડ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરાના હરણી પોલીસ સ્ટેશન વિસ્તારમાં શ્રી સિદ્ધેશ્વર ગ્રુપના પ્રોજેક્ટના નામે રોકાણકારો પાસેથી કરોડો રૂપિયા મેળવી છેતરપિંડી આચર્યાના કેસમાં પોલીસે કાર્યવાહી તેજ કરી છે. હરણી પોલીસે સમા વિસ્તારમાં આવેલા તેમના નિવાસસ્થાનેથી સુરેશ પાનસુરીયા અને મનીષ પાનસુરીયાને ઝડપી પાડ્યા છે. જ્યારે કેસમાં સંડોવાયેલા અન્ય આરોપીઓ ફરાર હોવાથી પોલીસે તેમની શોધખોળ હાથ ધરી છે.

ઠેકરનાથ તથા હરણી-સમા લિંક રોડ વિસ્તારમાં આવેલા શ્રી સિદ્ધેશ્વર પ્રાઈમ પ્રોજેક્ટમાં સસ્તા ઘર-ફ્લેટ અને આકર્ષક સ્કીમની લાલચ આપી રોકાણકારો પાસેથી મોટી રકમનું રોકાણ કરાવવામાં આવ્યું હતું. રોકાણકારો પાસેથી નાણાં મેળવ્યા બાદ પ્રોજેક્ટનું બાંધકામ અધૂરું રાખી દેવામાં આવ્યું હતું. ત્યારબાદ પ્રોજેક્ટનું કામ બંધ કરી દેવામાં આવતા રોકાણકારોના નાણાં અટવાઈ ગયા હતા.

આ મામલે કારેલીબાગ વિસ્તારના વેપારી દર્શિત શાહ, કમલેશ શાહ સહિતના લોકો દ્વારા પાનસુરીયા પરિવાર સાથે સંકળાયેલી પેઢી સામે કરોડો રૂપિયાની છેતરપિંડીની ફરિયાદ કરવામાં આવી હતી. હરણી પોલીસે તપાસ હાથ ધરતા એસપી ઈન્ફ્રા તથા સિદ્ધેશ્વર ગ્રુપ સાથે સંકળાયેલા સુરેશ ભાદાભાઈ પાનસુરીયા, મનીષ પાનસુરીયા, કિશોર પાનસુરીયા, પ્રવીણ પાનસુરીયા અને રવિ પાનસુરીયા સહિતના નામ સામે આવ્યા હતા. પોલીસ છેલ્લા ઘણા સમયથી આરોપીઓની શોધખોળ કરી રહી હતી. દરમિયાન બુધવારે સાંજે બાતમી મળી હતી કે સુરેશ પાનસુરીયા અને મનીષ પાનસુરીયા સમા વિસ્તારમાં આવેલા તેમના ઘરે આવ્યા છે. બાતમીના આધારે હરણી પોલીસની ટીમ તાત્કાલિક તેમના ઘરે પહોંચી હતી અને બંને આરોપીઓને ઝડપી લીધા હતા. પોલીસે આરોપીઓની પૂછપરછ શરૂ કરી સમગ્ર નાણાકીય વ્યવહારો, રોકાણકારો પાસેથી મેળવાયેલી રકમ તેમજ પ્રોજેક્ટ સાથે સંકળાયેલા દસ્તાવેજોની તપાસ હાથ ધરી છે. સાથે જ ફરાર આરોપીઓને ઝડપી પાડવા માટે વિવિધ દિશામાં તપાસ કરવામાં આવી રહી છે. કરોડોની છેતરપિંડીના આ કેસમાં પોલીસ તપાસ આગળ વધતાં વધુ રોકાણકારોની ફરિયાદો, નાણાકીય વ્યવહારો અને અન્ય મહત્વપૂર્ણ વિગતો બહાર આવે તેવી શક્યતા છે.

# ડીપ રિચાર્જ પ્રોજેક્ટમાં પાલિકાની બેદરકારી, દોઢ વર્ષથી નવું ટેન્ડર જ નહીં

**જૂના** કોન્ટ્રાક્ટરને જ મુદત વધારવાની કવાયત; રૂ.૩.૫૦ કરોડની વધારાની નાણાકીય મર્યાદાની દરખાસ્ત

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં ભૂગર્ભજળનું સ્તર ઊંચું લાવવાના હેતુથી શરૂ કરાયેલા ‘ડીપ રિચાર્જ બાય રેઈન વોટર’ પ્રોજેક્ટમાં મહાનગરપાલિકાની કામગીરી સામે સવાલો ઊભા થયા છે. પ્રોજેક્ટનો મૂળ ઈજારો 29 જાન્યુઆરી 2025ના રોજ પૂર્ણ થઈ ગયો હોવા છતાં દોઢ વર્ષ જેટલો સમય વીતી ગયો છે, છતાં તંત્ર દ્વારા નવો ઈજારો આપવા માટેની કાર્યવાહી કરવામાં આવી નથી. હવે જૂના કોન્ટ્રાક્ટરને જ ચાલુ રાખી સમયમર્યાદા અને નાણાકીય મર્યાદા વધારવાની દરખાસ્ત સ્થાયી સમિતિ સમક્ષ મૂકવામાં આવી છે.

ચોમાસા દરમિયાન વરસાદી પાણીનો યોગ્ય નિકાલ થાય અને સરકારી ઈમારતો સહિત જળબંબાકાર થતા વિસ્તારોમાં ભૂગર્ભજળનું સ્તર સુધરે તે હેતુથી આ યોજના શરૂ કરાઈ હતી. વિશ્વામિત્રી પૂર નિયંત્રણ અને નિવારણ સમિતિએ પણ ડીપ રિચાર્જની કામગીરી ઝડપથી પૂર્ણ કરવા સૂચનાઓ આપી હતી.

વર્ષ 2024-25 માટે પ્રોજેક્ટની રૂ.10 કરોડની નાણાકીય મર્યાદા નક્કી કરાઈ હતી. અંદાજિત રકમ કરતાં 0.33 ટકા ઓછા ભાવનું ટેન્ડર ભરનાર ‘અશ્વથ ઈન્ફ્રાટેક પ્રાઈવેટ લિમિટેડ’ને ઈજારો આપવામાં આવ્યો હતો. હવે કામગીરી અટકાવ્યા વિના ચાલુ રાખવાના કારણો આગળ ધરી જૂના ઈજારાની મુદત લંબાવવાની કવાયત કરાઈ છે. ઉત્તર ઝોન માટે રૂ.2 કરોડ અને દક્ષિણ ઝોન માટે રૂ.1.50 કરોડ મળી કુલ રૂ.3.50 કરોડની વધારાની નાણાકીય મર્યાદા મંજૂર કરવા દરખાસ્ત કરાઈ છે. નવો ઈજારો થાય ત્યાં સુધી પ્રોજેક્ટની સમયમર્યાદા 30 સપ્ટેમ્બર 2026 સુધી લંબાવવાની માંગ સાથેની દરખાસ્તથી પાલિકાની કામગીરી સામે સવાલો ઉઠ્યા છે.

### ૨૨મીએ રાત્રે ૮થી વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી વિવિધ માર્ગો પર વાહન પ્રવેશબંધી

# દશામા વિસર્જન માટે વડોદરામાં ટ્રાફિક ડાયવર્ઝન, ૨૩ ઓગસ્ટ સુધી રૂટ બંધ

**હરણી** તરફનો મુખ્ય માર્ગ બંધ, વૈકલ્પિક રૂટનો ઉપયોગ કરવા અપીલ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વડોદરા શહેરમાં દશામાની મૂર્તિઓના વિસર્જનને પગલે પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે ટ્રાફિક વ્યવસ્થા અંગે જાહેરનામું બહાર પાડ્યું છે. 22 ઓગસ્ટની રાત્રે 8 વાગ્યાથી 23 ઓગસ્ટની વહેલી સવાર સુધી અથવા વિસર્જન પૂર્ણ થાય ત્યાં સુધી જરૂરિયાત મુજબ વિવિધ વિસ્તારોમાં વાહન પ્રવેશબંધી અને ટ્રાફિક ડાયવર્ઝન અમલમાં રહેશે. ભીડ નિયંત્રણ, જાહેર સુરક્ષા અને વાહનવ્યવહાર સુચારૂ રહે તે હેતુથી આ નિર્ણય લેવાયો છે.

### વિસર્જન માટે વડોદરામાં ૯ કૃત્રિમ તળાવ તૈયાર

વડોદરામાં દશામાના વ્રતની પૂર્ણાહુતિને પગલે મૂર્તિ વિસર્જનની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. પર્યાવરણ જાળવણી અને શ્રદ્ધાળુઓની સુવિધા માટે મહાનગરપાલિકા દ્વારા શહેરના ત્રણ ઝોનમાં કુલ ૯ કૃત્રિમ તળાવો તૈયાર કરાયા છે. વિસર્જન દરમિયાન ફાયર બ્રિગેડની ટીમો જરૂરી સાધનસામગ્રી સાથે તૈનાત રહેશે. મહાનગરપાલિકા અને પોલીસ અધિકારીઓએ કૃત્રિમ તળાવોની મુલાકાત લઈ વ્યવસ્થાની સમીક્ષા કરી હતી. સ્થળોએ લાઈટિંગ, બેરિકેડિંગ, ક્રેન, માઈક સિસ્ટમ અને પીવાના પાણીની સુવિધા રાખવામાં આવી છે. નદી અને કુદરતી જળાશયોમાં પ્રદૂષણ અટકાવવા નાગરિકોને કૃત્રિમ તળાવોમાં જ મૂર્તિ વિસર્જન કરવા અપીલ કરાઈ છે.

22 ઓગસ્ટની રાત્રે મોટી સંખ્યામાં મહિલાઓ શોભાયાત્રા સ્વરૂપે દશામાની મૂર્તિઓનું વિસર્જન કરશે. કોર્પોરેશન દ્વારા હરણી સ્કલ્પચર પાર્ક, કિશનવાડી, લેપ્રેસી ગ્રાઉન્ડ, માંજલપુર, તરસાલી, મકરપુરા, બીલ મઢી તથા ગોરવા સહિતના કૃત્રિમ તળાવો અને સ્થળો નક્કી કરાયા છે.

હરણી સ્કલ્પચર પાર્ક તરફ જતા વાહનો માટે એરપોર્ટ સર્કલથી હરણી એરપોર્ટ રોડ થઈ મોતીભાઈ પટેલ સર્કલ તરફનો માર્ગ બંધ રહેશે. હળવા વાહનો માટે સમા-સાવલી રોડ, સમા કેનલ, સમા-છાણી કેનલ રોડ, વિશ્વકર્મા સર્કલ, સમા ગામ, જલારામ મંદિર, જીઆઈપીસીએલ સર્કલ અને મંગલ પાંડે રોડ તરફના વૈકલ્પિક માર્ગો નક્કી કરાયા છે.

ભારે વાહનો અને જીએસઆરટીસી બસો માટે ગોલ્ડન બ્રિજ, દેશા બ્રિજ, દમણિયા બ્રિજ, ફર્ટિલાઈઝર બ્રિજ, છાણી રોડ, ફતેગંજ સર્કલ અને પંડ્યા બ્રિજ થઈ સેન્ટ્રલ એસટી ડેપો સુધીનો રૂટ રહેશે. મોતીભાઈ પટેલ સર્કલ, ઉર્મિ બ્રિજ અને ગદા સર્કલ તરફ કેટલાક માર્ગો પર પ્રતિબંધ રહેશે.

પોલીસે વાહનચાલકોને ટ્રાફિક નિયમોનું પાલન કરી વૈકલ્પિક માર્ગોનો ઉપયોગ કરવા અપીલ કરી છે. વિસર્જન યાત્રા દરમિયાન કૃત્રિમ તળાવ નજીક ડીજે સહિતના વાજિંત્રો વગાડવા પર પણ પ્રતિબંધ રહેશે.

# મિત્રતા બાદ સગીરાને હોટલમાં લઈ જઈ દુષ્કર્મ, યુવક ઝડપાયો

**રાજસ્થાનના** 21 વર્ષીય યુવક સામે પોક્સો સહિતની કલમો હેઠળ ગુનો; ચારથી પાંચ વખત દુષ્કર્મ

(પ્રતિનિધિ) વડોદરા,તા.20

વડોદરાના અકોટા વિસ્તારમાં સોશિયલ મીડિયા મારફતે 17 વર્ષીય સગીરા સાથે મિત્રતા કેળવી રાજસ્થાનના 21 વર્ષીય યુવકે હોટલમાં લઈ જઈ દુષ્કર્મ આચર્યાનો મામલો સામે આવ્યો છે. સગીરાના વર્તનમાં ફેરફાર જણાતા પિતાને શંકા જતા તપાસ કરતાં સમગ્ર ઘટના પ્રકાશમાં આવી હતી. અકોટા પોલીસે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસના જણાવ્યા મુજબ શહેરના ફતેગંજ વિસ્તારમાં રહેતી અને બી.કોમ સાથે એર હોસ્ટેસનો અભ્યાસ કરતી સગીરાનો સોશિયલ મીડિયા મારફતે રાજસ્થાનના ભરતપુરના કરણવીર જાટ ચૌધરી સાથે સંપર્ક થયો હતો. મિત્રતા થયા બાદ આરોપી આશરે ત્રણ મહિના અગાઉ વડોદરા આવ્યો હતો અને સગીરાને મળવાના બહાને હોટલમાં બોલાવી તેની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હોવાનો આક્ષેપ છે.

તપાસમાં સગીરા અન્ય મિત્રના આઈડીનો ઉપયોગ કરીને હોટલમાં ચેક-ઈન કરતી હોવાનું પણ સામે આવ્યું છે. અત્યાર સુધીમાં આરોપીએ ચારથી પાંચ વખત સગીરા સાથે શારીરિક સંબંધ બાંધ્યા હોવાનો આક્ષેપ છે. સગીરાના વર્તનમાં ફેરફાર જણાતા પિતાએ તપાસ હાથ ધરી હતી. દરમિયાન બંને હોટલમાં હોવાની જાણ થતાં મામલો પોલીસ સુધી પહોંચ્યો હતો. પોલીસે કાર્યવાહી કરી આરોપીને ઝડપી લીધો હતો. બંનેના મેડિકલ સહિતની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. આરોપી દિલ્હીમાં સિક્યોરિટી ગાર્ડ અને રેપિડો ચાલક તરીકે કામ કરતો હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. અકોટા પોલીસે દુષ્કર્મ, પોક્સો અને એટ્રોસિટી એક્ટની સંબંધિત કલમો હેઠળ ગુનો નોંધ્યો છે. આરોપી રાજસ્થાનનો હોવાથી વધુ તપાસ માટે પોલીસની ટીમ ભરતપુર જવા રવાના થશે.

### કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડના વર્ક પરમિટ અપાવવાના બહાને પિતા-પુત્રે નાણાં પડાવ્યા

# વર્ક પરમિટના સપના બતાવી પિતા-પુત્રે 15થી વધુ લોકોને રૂ.૧.૨૩ કરોડનો ચૂનો ચોપડયો

**અલકાપુરીની** તિરુપતિ ઈમિગ્રેશન કન્સલ્ટન્સીના સંચાલક પિતા-પુત્ર સામે છેતરપિંડીનો ગુનો દાખલ

(પ્રતિનિધિ) વડોદરા તા.20

વિદેશ જઈ કમાણી કરવાના સુનેહરા સપના બતાવી ઈમિગ્રેશન કન્સલ્ટન્સીના સંચાલક પિતા-પુત્રે 15થી વધુ લોકો સાથે રૂ.1.23 કરોડથી વધુની છેતરપિંડી આચર્યાનો મામલો સામે આવ્યો છે. કેનેડા, ફિનલેન્ડ અને પોલેન્ડના વર્ક પરમિટ વિઝા અપાવવાના બહાને નાણાં લીધા બાદ યોગ્ય પ્રક્રિયા નહીં કરી તેમજ રકમ પરત માંગતા નાણાં પરત નહીં આપતાં અલકાપુરી સ્થિત તિરુપતિ ઈમિગ્રેશન કન્સલ્ટન્સીના સંચાલક જીજ્ઞાસુ પટવા અને તેમના પુત્ર કશ્યપ પટવા સામે ફરિયાદ નોંધાઈ છે.

નડિયાદના 36 વર્ષીય કન્સલ્ટન્ટ મુદ્રણ જયંતીભાઈ પટેલે નોંધાવેલી ફરિયાદ મુજબ જૂન-2023માં તેઓ પરિવાર સાથે વિદેશ જવાની તૈયારી કરી રહ્યા હતા. મિત્ર મારફતે તિરુપતિ ઈમિગ્રેશનની ઓફિસે પહોંચતાં જીજ્ઞાસુ પટવાએ કેનેડા વર્ક પરમિટ વિઝા માટે રૂ.9.50 લાખનો ખર્ચ હોવાનું જણાવી કરાર કર્યો હતો. તેમના પુત્ર કશ્યપે આઈએલટીએસ ક્લાસના નામે રૂ.50 હજાર રોકડા લીધા હતા. ત્યારબાદ કેનેડા વર્ક પરમિટ માટે અલગ-અલગ તારીખે ચેકથી રૂ.8.50 લાખ અને ઝડપી કામગીરીના બહાને વધુ રૂ.2 લાખ લેવામાં આવ્યા હતા.

મોટી રકમ ચૂકવ્યા છતાં વર્ક પરમિટની પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવી નહોતી. ફોન અને ઈ-મેઈલ મારફતે સતત આશ્વાસન આપવામાં આવતું રહ્યું હતું. વિઝા રિજેક્ટ થયો હોવાની જાણ પણ કરવામાં આવી નહોતી. વિઝા પ્રક્રિયા સંબંધિત ફાઈલ, જીસીકી તેમજ આઈડી-પાસવર્ડ પણ પરત આપવામાં આવ્યા નહોતા.

તપાસમાં સામે આવ્યું કે વડોદરા ઉપરાંત નડિયાદ, આણંદ, સુરત અને ભરૂચના 15થી વધુ લોકો પાસેથી રૂ.1.23 કરોડ જેટલી રકમ રોકડ તેમજ ઓનલાઈન માધ્યમથી લેવામાં આવી હતી. અલગ-અલગ લોકોને રૂ.1.50 લાખથી રૂ.13.50 લાખ સુધીની રકમ પડાવવામાં આવી હતી. વર્ક પરમિટની લાલચ આપી નાણાં લીધા બાદ યોગ્ય પ્રક્રિયા નહીં કરી છેતરપિંડી કરવામાં આવી હોવાના આક્ષેપ સાથે પોલીસે પિતા-પુત્ર સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

### વૃદ્ધ મહિલાઓને ટાર્ગેટ કરતી ગેંગ

# પૌત્રની સ્કૂલથી ઘરે જતા દાદીને બાઇક સવાર ચેન સ્નેચરોએ નિશાન બનાવ્યા

કડી જુસ્સા બંધ ખેંચી હોવાથી વૃદ્ધાને ઈજા પણ પહોંચી

(પ્રતિનિધિ) વડોદરા તા.20

માંજલપુર વિસ્તારમાં પૌત્રની સ્કૂલમાં વાલી મીટિંગ પૂર્ણ કરીને ઘરે પરત ફરી રહેલી 60 વર્ષીય વૃદ્ધાને બે બાઈકસવારોએ નિશાન બનાવી સોનાની કડી આંચકી ફરાર થઈ જતાં ચકચાર મચી છે. વૃદ્ધા કંઈ સમજે તે પહેલાં જ પાછળ બેઠેલા શખ્સે તેમના કાનમાંથી સોનાની કડી ઝૂંટવી લીધી હતી. બંને આરોપીઓ બાઈક પર વડસર બ્રિજ તરફ પૂરપાટ ઝડપે ફરાર થઈ ગયા હતા. પોલીસે સીસીટીવી ફૂટેજના આધારે આરોપીઓની શોધખોળ શરૂ કરી છે.

વડસર બ્રિજ રોડ પર અંબિકા સોસાયટીમાં રહેતા નયનાબેન પટેલનો પૌત્ર જીત અંબે સ્કૂલમાં ધોરણ-8માં અભ્યાસ કરે છે. તા.13 ઓગસ્ટે સ્કૂલમાં વાલી મીટિંગ હોવાથી નયનાબેન તેમાં હાજરી આપવા ગયા હતા. મીટિંગ પૂર્ણ થયા બાદ તેઓ અંબે સ્કૂલથી વડસર બ્રિજ તરફ પગપાળા ઘરે પરત ફરી રહ્યા હતા.

દરમિયાન પાછળથી બાઈક પર બે યુવાનો આવ્યા હતા. પાછળ બેઠેલા શખ્સે અચાનક નયનાબેનના જમણા કાનમાં પહેરેલી સોનાની ડિઝાઈનવાળી કડી આંચકી લીધી હતી. કડી ઝૂંટવાતા તેમના કાનમાં ઈજા પણ થઈ હતી. બંને શખ્સો બાઈક હંકારી વડસર બ્રિજ તરફ ફરાર થઈ ગયા હતા. ઝૂંટવાયેલી સોનાની કડીનું વજન આશરે અઢી ગ્રામ અને કિંમત રૂ.25 હજાર જેટલી હોવાનું જાણવા મળ્યું છે. બનાવ બાદ નયનાબેને પરિવારજનોને જાણ કરી પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. પોલીસે આસપાસના સીસીટીવી કેમેરાના ફૂટેજ તપાસી બંને આરોપીઓની ઓળખ અને ધરપકડ માટે કાર્યવાહી હાથ ધરી છે.

# ચકચારી ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં પાંચેય આરોપી દોષિત જાહેર

**સ્પેશિયલ** પોક્સો કોર્ટે ૬,૦૦૦ પાનાની ચાર્જશીટ, DNA અને CCTV સહિતના પુરાવા આધારે ચુકાદો આપ્યો



(પ્રતિનિધિ) વડોદરા તા.20

ભાયલી સામૂહિક દુષ્કર્મ કેસમાં સ્પેશિયલ પોક્સો કોર્ટે પાંચેય આરોપીઓને દોષિત જાહેર કર્યા છે. પીડિતા અને પરિવારને ન્યાયની આશા વચ્ચે કેસમાં મહત્વપૂર્ણ તબક્કો પૂર્ણ થયો છે. હવે આરોપીઓને કઈ સજા ફટકારવામાં આવશે તેનો નિર્ણય આગામી ૨૫ ઓગસ્ટે કરવામાં આવશે. જેના પગલે વડોદરા સહિત સમગ્ર ગુજરાતની નજર કોર્ટના અંતિમ નિર્ણય પર મંડાઈ છે.

ઘટના બાદ વડોદરા પોલીસે ઝડપી કાર્યવાહી કરી ૪૮ કલાકમાં મુન્ના, આફતાબ, શાહરૂખ, સૈફઅલી અને અજમલ સહિત પાંચેય આરોપીઓને ઝડપી લીધા હતા. ત્યારબાદ વડોદરા ક્રાઈમ બ્રાન્ચે કેસની ઝીણવટભરી તપાસ હાથ ધરી હતી. પોલીસે કોર્ટમાં આશરે ૬,૦૦૦ પાનાની ચાર્જશીટ રજૂ કરી હતી. કેસની સુનાવણી દરમિયાન પોલીસે રજૂ કરેલા ૧૦૦ જેટલા સાક્ષીઓના નિવેદનો ઉપરાંત DNA રિપોર્ટ અને CCTV ફૂટેજ સહિતના વૈજ્ઞાનિક પુરાવાઓ મહત્વપૂર્ણ સાબિત થયા હતા. આ પુરાવાઓના આધારે કોર્ટે પાંચેય આરોપીઓને ગુનામાં દોષિત ઠેરવ્યા છે. કેસમાં મુખ્ય ત્રણ આરોપીઓ ઉપરાંત અન્ય બે આરોપીઓએ પોતે માત્ર બાઈક લઈને ઊભા રહ્યા હોવાની દલીલ કરી હતી. જોકે કોર્ટે તેમની ભૂમિકાને પણ ગંભીરતાથી ધ્યાનમાં લઈ તેમને ગુનામાં ભાગીદાર ગણી દોષિત ઠેરવ્યા હતા. સામૂહિક દુષ્કર્મ, પોક્સો સહિતની ગંભીર કલમો હેઠળ આરોપીઓ સામે ગુનો સાબિત થયો છે. હવે ૨૫ ઓગસ્ટે સજા અંગેની દલીલો બાદ કોર્ટ અંતિમ નિર્ણય સંભળાવશે. સરકારી પક્ષ દ્વારા આરોપીઓને કડકમાં કડક સજાની માગ કરવામાં આવે તેવી શક્યતા છે. તમામ આરોપીઓ હાલ જેલમાં છે અને આગામી ચુકાદાની રાહ જોઈ રહ્યા છે.